**વડીલોને વંદન**

**અભિનંદન**

**આજે જન્મદિવસ**



અજીતભાઈ આર. મકવાણા
(૧૯૪૫) મો. ૯૭૩૭૪૫૫૮૯૬

### ગાંધીનગર લાયોનેસ કલબ દ્વારા બેટી વધાવોનો કાર્યક્રમ

ગાંધીનગર, તા.૩

લાયોનેસ કલબ ગાંધીનગર 'બેટી વધાવા અને સ્ત્રી ભ્રૂણ હત્યા રોકો' કાર્યક્રમનું આયોજન કર્યું હતું. લાયોનેસ ચેરપર્સન ભાવનાબેન ત્રિવેદી ખાસ ઉપસ્થિત રહી પ્રોત્સાહક પ્રવચન કર્યું હતું. ડૉ. વૈદ્ય મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ગાંધીનગર, તેમજ ડૉ. નિલમ પટેલ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી અમદાવાદએ આંકડાકીય, કાયદાકીય જોવાઈઓ રજૂ કરેલ હતી.

ઉષાબેન ગજ્જર પ્રમુખ લાયોનેસ કલબ ગાંધીનગરે સ્વાગત કર્યું હતું. તેમજ વૈચાલી જોશીએ આભાર વિધિ કરી હતી. ભીમ વાકાણી અને કલાવૃંન્દે બેટી વધાવો કાર્યક્રમ આપેલ હતો.

### ઉમા આર્ટસ અને નાથીબા કોમર્સ મહિલા કોલેજમાં ગુરુવંદના કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગરના સેકટર-૨૩માં આવેલી ઉમા આર્ટસ અને નાથીબા કોમર્સ મહિલા કોલેજમાં ગત રોજ ગુરુપૂર્ણિમા પર્વ નિમિત્તે ગુરુવંદનાનો કાર્યક્રમ યોજાયો હતો.

કોલેજમાં ગુરુ પૂર્ણિમા પર્વ અંતર્ગત દેવી સરસ્વતી, વેદ વ્યાસ, ગુરુ દત્તાત્રેય, આદિશંકરાચાર્યના પૂજન અર્ચનનો કાર્યક્રમ યોજાયો હતો. વિદ્યાર્થિનીઓએ ગુરુ માહત્મ્ય પર વકતવ્યો રજૂ કર્યા હતા અને ગુરુ મહિમા રજૂ કરતી સ્તુતિનું ગાન કર્યું હતું. વિદ્યાર્થિનીઓએ આચાર્ય તથા અધ્યાપકોનું પુષ્પગુચ્છ અર્પણ કરી સન્માન કર્યું હતું. કોલેજના આચાર્યા ડૉ. અમૃતાબહેન પટેલ તથા સંસ્કૃત વિભાગના અધ્યક્ષ ડૉ. યોગિનીબહેન વ્યાસે પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યુ હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા. ડૉ. રૂપા ચાવડાએ કર્યું હતું. કાર્યક્રમમાં કોલેજની વિદ્યાર્થીનીઓએ તથા અધ્યાપકગણે ઉત્સાહપૂર્વક ભાગ લઈ કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.



માલધારી સમાજે ગાંધીનગર ખાતે રાજ્ય મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીની સૌજન્ય મુલાકાત લીધી હતી.

# કેશુભાઈના સમર્થકોએ ભાજપના નારાજ આગેવાનો સાથે સંપર્કો શરૂ કર્યા

## ઓગષ્ટમાં નારાજ આગેવાનો ભાજપ સાથે છેડો ફાડે તેવી શક્યતા

ગાંધીનગર, તા.૩

કેશુભાઈ પટેલ ઓગષ્ટમાં નવા પક્ષની રચના કરનાર છે ત્યારે આગામી દિવસોમાં ભાજપના નારાજ આગેવાનો કાર્યકરોને આ નવા પક્ષમાં જોડવા માટેની કવાયત હાથ ધરવામાં આવતાં ભાજપમાં મોટા ભંગાણની શકયતાઓ સેવાઈ રહી છે.

કેશુભાઈ પટેલ જુથ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીથી નારાજ કેશુભાઈ પટેલ જુથે મોદી સામે જંગ છેડીને ભાજપ પક્ષ સાથે છેડો ફાડવા માટેનો તખ્તો ગોઠવી નાંખ્યો છે.

ભાજપમાં હાંસીયામાં ધેકલાઈ ગયેલા કેશુભાઈ પટેલે આગામી ઓગષ્ટના પ્રથમ સપ્તાહમાં ભાજપ સાથે છેડો ફાડીને એક નવો પક્ષ રચવાનો સંકેત આપ્યો છે. કેશુભાઈના સમર્થક એવા ભાજપના પૂર્વ સાંસદ કાશીરામ રાણાએ ગઈકાલે ભાજપને અલવીદા કરી દીધા છે.

કેશુભાઈ જુથ ઓગષ્ટમાં નવો પક્ષ રચવા જઈ રહ્યું છે તે પૂર્વે કેશુભાઈના સમર્થકોએ ભાજપથી નારાજ જિલ્લા તાલુકાના આગેવાનોનો સંપર્ક સાધવાનો શરૂ કર્યો છે અને આવા નારાજ આગેવાનોને ભાજપ છોડીને તેમની સાથે જોડાવવા માટે સમજાવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

પ્રાપ્ત વિગતો મુજબ કેશુભાઈ જુથના એક આગેવાને જણાવ્યું હતું કે ભાજપથી નારાજ કેટલાક જિલ્લા તાલુકાના કેટલાક આગેવાનો અમારા સંપર્કમાં છે અને આ આગેવાનો ઓગષ્ટમાં સાગમટે ભાજપમાંથી રાજીનામા આપીને કેશુભાઈના સમર્થનમાં બહાર આવશે તેવો દાવો કરવામાં આવ્યો હતો.

ભાજપની પ્રદેશ નેતાગીરી અને મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની કાર્ય પ્રણાલીથી નારાજ આગેવાનો સાથે કેશુભાઈના સમર્થકોએ સંપર્કો તેજ કરી દીધા છે અને આગામી સંમેલનો દરમિયાન ભાજપ છોડનાર ભાજપના નારાજ કાર્યકર્તાઓની દોડ શરૂ થાય તેવી પણ શકયતાઓ સેવાઈ રહી છે.

કેશુભાઈ પટેલ સાથે મજપાના સ્થાપક ગોરધનભાઈ ઝડફીયા પણ ભાજપના કેટલાક નારાજ આગેવાનોના સંપર્કમાં હોવાનું જાણવા મળે છે.

# ગાંધીનગર નાગરિક સેવા સમિતિ ૧૬મી વર્ષગાંઠની ઉજવણી કરશે

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર નાગરિક સેવા સમિતિ ૧૬મા વર્ષમાં પ્રવેશ કરી રહી છે તે નિમિતે તા. ૮ જુલાઈના રોજ સ્ટાફ ટ્રેનિંગ કોલેજ સેકટર-૧૭ ગાંધીનગર મુકામે ઉજવણી કરનાર છે. આ પ્રસંગે શિક્ષણક્ષેત્રે પ્રોત્સાહન આપવા માટે ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ના તેજસ્વી તારલાઓને સન્માનવામાં આવશે.

સમારંભના અધ્યક્ષ પદે ડૉ. ઉર્મિલાબેન પટેલ, પૂર્વ કેન્દ્રીય મંત્રીશ્રી, સમારંભના ઉદ્‌ઘાટકશ્રી શંકરસિંહ વાઘેલા, પૂર્વ મુખ્યમંત્રી કરશે. મુખ્ય મહેમાન પદે શ્રી શક્તિસિંહ ગોહિલ વિરોધપક્ષના નેતા, બાબુભાઈ પટેલ ચેરમેન સંગઠન અને ચૂંટણી સમિતિ, ડૉ. કરશનદાસ સોનેરી, પૂર્વ મંત્રી, ગીરીશભાઈ પરમાર પૂર્વમંત્રીશ્રી રહેશે.

અતિથિ વિશેષ પદે મહેન્દ્રસિંહ વાઘેલા, ધારાસભ્ય મેઘરજ, જશુભાઈ રાણા, મહામંત્રી જીપીસીસી બાબુભાઈ ઠાકોર, ધારાસભ્ય માણસા, સુરેશભાઈ પટેલ, ધારાસભ્ય કલોલ, ડૉ. સી.જે ચાવડા, પ્રમુખ ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિ. મંગીબેન પટેલ પ્રમુખ જિલ્લા પંચાયત ગાંધીગનર, નિશિતભાઈ વ્યાસ મહામંત્રી જીપીસીસી, મુકેશભાઈ પટેલ પ્રમુખ ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિ, મહેન્દ્રસિંહ રાણા નગરપતિ ગાંધીનગર મહાનગર પાલિકા, પ્રવિણભાઈ પટેલ ચેરમેન સ્થાયી સમિતિ, ડૉ. મનીશ દોશી પ્રવકતા જીપીસીસી હાજર રહેશે.

શ્રી વિક્રમસિંહ ખાચર ચેરમેન ગાંધીનગર નાગરિક સેવા સમિતિ, નવીનચંદ્ર સોનેરી પ્રમુખ ગાંધીનગર નાગરિક સેવા સમિતિએ જણાવેલ છે.

### ખ-૪થી ગાંધીનગર રેલવે સ્ટેશન સુધીનો રસ્તો પ્રતિબંધિત જાહેર કર્યો

મહાત્મા મંદિરના ફેઝ-૨ના બાંધકામ વિસ્તારમાં હયાત ખ - ૪ થી ગાંધીનગર રેલ્વે સ્ટેશન સુધીનો રસ્તો બાંધકામ વિસ્તારમાં આવતો હોઇ, આ રસ્તો હાલ બંધ કરવાનો હુકમ જિલ્લા કલેકટર શ્રીએ કર્યો છે. જે હુકમ અન્વયે આ માર્ગ પર જતા વાહન ચાલકો હવે પછી ખ-રોડથી બીજનિગમ થઈને સીવીલ સપ્લાય ગોડાઉનની ઓફિસ થઈને રેલ્વેને સમાંતર થઈ ગાંધીનગર રેલ્વે સ્ટેશન જઈ શકશે. તેમજ હાલમાં હયાત ખ-રોડ ઉપરથી - મહાત્મા મંદિર પાસેથી-રેલ્વે સ્ટેશન ઉપર જતા રસ્તાના ઉપયોગ જાહેર હિતમાં -તિબંધિત કરવો જરૂરી હોય જિલ્લા કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી પી. સ્વરૂપે તેમને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ)થી મળેલ સત્તાની રૂએ ઉપરોકત માર્ગના ઉપયોગ પર -તિબંધ મુક્યો છે. આ હુકમ બીજો હુકમ ન થાય ત્યાં સુધી અમલમાં રહેશે. આ હુકમનો ભંગ કરનાર વ્યકિત શિક્ષાને પાત્ર ઠરશે.

### રાષ્ટ્રપતિની ચૂંટણીના ઉમેદવાર પી.એ. સંગમા ૬ઠ્ઠીએ ગુજરાતમાં આવશે

ભાજપાના પ્રદેશ અધ્યક્ષ શ્રી આર.સી. ફળદુએ એક યાદીમાં જણાવ્યું છે કે ભારતના રાષ્ટ્રપતિપદની ચૂંટણીના ઉમેદવાર પી.એ. સંગમા ૬ જુલાઈના રોજ ગુજરાતની એક દિવસની મુલાકાતે આવશે.

ભાજપા તરફથી રાષ્ટ્રપતિપદની ચૂંટણીના ઈન્ચાર્જ તરીકે ભાજપાના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ તેમજ રાજયસભાના સભ્ય શ્રી પરશોત્તમભાઈ રૂપાલા, ભાજપાના વરિષ્ઠ અગ્રણી શ્રી કાનજીભાઈ પટેલ તેમજ શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા રહેશે. ૬ જુલાઈના રોજ ગાંધીનગર ખાતે ભાજપાના ધારાસભ્યો તેમજ સંસદસભ્યોની બેઠક યોજાશે.

### ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી દ્વારા ૧૨મીએ 'અપૂરવ ખેલા' નાટક ભજવાશે

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગની ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી, ગાંધીનગરના ઉપક્રમે તા. ૧૨મી જુલાઈ ૨૦૧૨નેરાત્રે૯.૧૫ કલાકે 'અપૂરવ ખેલા' નાટક ભજવાશે. મનોજ શાહ દિગ્દર્શિત અને આઈડિયાઝ અનલિમિટેડ દ્વારા પ્રસ્તુત 'અપૂરવ ખેલા' સંવેદનશીલ નાટક ટાઉન હોલ, સેકટર-૧૭, ગાંધીનગર ખાતે યોજવામાં આવશે. કાર્યક્રમના નિમંત્રણ કાર્ડ બપોરે ૩.૩૦ કલાક પછી અકાદમીના કાર્યાલય ખાતેથી મેળવી લેવા.

## સમાચાર ઝલક

- આસામના પૂરગ્રસ્તો માટે ૫૦૦ કરોડનું પેકેજ જાહેર કરેલ છે, નિષ્ણાંતોની સમિતિની ચકાસણી બાદ વધુ સહાય મંજૂર થશે.
- આદિપુર (કચ્છ) માં ૫.૬૨ લાખનો હાથફેરો કરી ચોરો ફરાર થયા.
- ઉત્તરપ્રદેશનાં બાવરીઓની પરંપરા : ૧૬ ગુના કરો પછી થશે તમારા લગ્ન.
- 'ખૂશબુ ગુજરાત કી' એડના કારણે પ્રવાસીઓની સંખ્યામાં ૩૦ ટકા જેટલો વધારો.
- ઓઢવમાં પુનઃ ફેંકચર ગેંગનો આતંક - યુવાન ઉપર હૂમલો.
- લગ્નમૂહૂર્તોમાં પાંચ માસના મહા વેકેશનનો પ્રારંભ, હવે લગ્ન તા. ૨૫મી નવેમ્બર પછી રહેશે.
- સંસદ ભવનમાં સંસદ સભ્યો માટેની રાહતભાવ વાળી કેન્દ્રીય સલામતીના અભાવે બંધ કરાશે.
- મોંઘવારી વધુ રડાવશે, ખાવા-પીવા, હરવા-ફરવાનું મોંઘુ - સર્વિસ ટેક્સ લાગુ પડશે.
- ખેડા ડી.એસ.પી. જી.એ. સિંગલના યુવાન પુત્રે અમદાવાદમાં તેમનાં નિવાસસ્થાને આત્મહત્યા કરી.
- ગુજરાતમાં આઇ.એ.એસ. અધિકારી બનવા થનગનતાં ૧૦,૦૦૦ યુવાનો.
- ભારતમાં ૨૦૧૧ માં ૧૪,૦૦૪ ખેડૂતોએ આત્મહત્યા કરી.
- વરસાદ ખેંચાતા, ડાંગરના પાકને નુકસાનની શક્યતા.
- રાજકોટના ગોંડલ રોડ પુલના કામમાં ફરી ડિડવાણું, રસ્તા નીચે ભૂગર્ભ ગટર નીકળી.
- ધ્રાંગધ્રામાંથી રૂા. ૧૦૦ની નકલી નોટો ઉત્તરપ્રદેશના બેટાબરીયા નામના શખ્સ પાસેથી ઝડપાઇ.
- કેન્દ્રના રાજયના, નગરપાલિકાના કર્મચારીઓ માટે આનંદો, મોંઘવારી ભથ્થામાં ૧લી જુલાઇ ૨૦૧૨ થી ૭ ટકાનો વધારો થશે.
- ટેલિકોમ ટેરર : અજાણ્યાં નંબર પર ફોન ન કરવો.
- ઇકોનોમિક્સ ટાઇમ્સમાં શ્રી નરેન્દ્રભાઇ મોદીની અલગ છબિ રજૂ કરી, ઉધોગપતિઓના સી.ઇ.ઓ. તરીકે દર્શાવાયા.

## શબ્દાવલી - ૪૭૭૭



**આડી ચાવી**

૧. સુંદર દેખાવવાળું (૪)
૩. શ્રી રામને મદદ કરનાર પક્ષી (૩)
૫. ડોકમાં પહેરવાનું ઘરેણું (૨)
૬. આવે તે ઉધાર અને જાય તે... (૨)
૭. ગાય-ભેંસને બાંધવાનું સ્થળ (૩)
૮. ઉપવાસ (૪)
૧૦. જનની (૧)
૧૧. પરવા (૨)
૧૫. બીક, હાઉ (૨)
૧૭. બીજાના ઉપર ઉપકાર કરવો (૫)
૨૦. તંત્ર હોવું તે, ચસી ના જાય તેવું (૫)
૨૩. પગના ગોઠણનું હાડકું (૩)
૨૪. સ્કૂલ બૅગ (૪)

**ઊભી ચાવી**

૧. સૌભાગ્ય, પતિ (૩)
૨. લાઈન, કતાર (૪)
૩. જામીન થવુ, ... આપવી (૪)
૪. જુવાન, યુવક (૩)
૬. 'અજ' શબ્દ ઊંધો (૨)
૯. સંધિ, સુલેહ (૪)
૧૨. માટી, ચીકણી માટી (૪)
૧૩. લસરપટ્ટી (૫)
૧૪. આવે રે... ધેબરીયો પ્રસાદ (૪)
૧૬. શરીરનું કળવું કે દુઃખવું (૪)
૧૮. રોમાંચક (૩)
૧૯. ગ્લાસ, શીશો (૨)
૨૨. મુશ્કેલ, અઘરૂ (૨)

**શબ્દાવલી ૪૭૭૬ના જવાબ**

**આડી ચાવી :-** (૧) સાહિત્ય (૩) આયુષ્ય (૫) કતારબધ્ધ (૬) જનતા (૯) નિમ (૧૦) ખાતરી (૧૧) કનક (૧૩) તાસ (૧૪) ગપસપ (૧૬) કાન ()૧૮) ફરાર (૧૯) ચરણ (૨૦) સબરસ

**ઊભી ચાવી :-** (૧) સાર્વજનિક (૨) ત્યકતા (૩) આબકારી (૪) યુધ્ધ (૭) નમન (૮) અરસપરસ (૧૨) કસ (૧૩) તાસ (૧૪) ગરાસ (૧૫) પરબ (૧૬) કાચ (૧૭) નર

# શહેરમાં એક મહિનામાં પાંચ ટ્રક અકસ્માત : તંત્ર નિંદ્રાધીન

## ગતિ નિયંત્રણના નામે મીંડુ : બેફામ દોડતા ભારે વાહનો

ગાંધીનગર, તા.૩

શહેરમાં છેલ્લા એક મહીના દરમિયાન રેતી ભરેલી ટ્રકોના પાંચ નાના મોટા અકસ્માત થયા હોવાનું ધ્યાને આવ્યું છે. ગતિ નિંયત્રણની વાત વિસરાતા બેફામ દોડતી ટ્રકો ગમે ત્યારે અકસ્માત સર્જે છે. ભારે વાહનોના અકસ્માતમાં હજુ જાનહાનિ થઈ નથી જયારે આ મામલે તંત્ર દ્વારા પણ કોઈ પગલા લેવાતા નથી. બીજી તરફ અકસ્માત પાછળ કોન્ટ્રાકટરો દ્વારા ટ્રક ચાલકો પાસેથી 'ઓવરલોડ' કામ લેવાતું હોવાનું પણ જવાબદાર માનવામાં આવી રહ્યું છે.

શહેરમાં સાડા ચાર દાયકાના અંતે પણ માર્ગ સલામતીના નામે મીંડુ ચિતરાયેલું જોવા મળે છે. નગરના ખુલ્લા અને પહોળા માર્ગો પર દ્વી ચક્રી વાહનોની સાથે બેફામ ગતિએ દોડતા ભારે વાહનો પલવારમાં જ અકસ્માત સર્જી દે છે. છેલ્લા કેટલાક મહીનાઓથી શહેરમાંથી પસાર તથા ભારે વાહનોના અકસ્માતના બનાવ વધી રહ્યા છે. અગાઉ 'ચ' માર્ગ પર ટ્રક પલ્ટી ખાવાના સિલસિલાબધ્ધ બનાવો પણ મોડી રાત્રે બેફામ દોડતા ટ્રકની સાક્ષી પુરે છે. જયારે છેલ્લા એક મહિના દરમિયાન શહેરમાં રેતી ભરેલી ટ્રકોના અકસ્માતના પાંચ કિસ્સાઓ પ્રકાશમાં આવ્યા છે. જો કે સદનસીબે અકસ્માતના આ બનાવોના અંતે કોઈ જાનહાનિ થવા પામી નથી.

પરંતુ ગતિ નિયંત્રણના ભારોભાર અભાવ વચ્ચે બેફામ દોડતી ટ્રકને રોકવા માટે તંત્ર હજુ સુધી હરકતમાં આવ્યું નથી. શહેરમાં માર્ગો પર બેફામ દોડતા વાહનોની ગતિ નિયંત્રણમાં લાવવા ઘણા સમયથી બણગાં ફૂંકવામાં આવે છે. પરંતુ આ મામલે હજુ નક્કર આયોજનના અભાવે યોગ્ય કાર્યવાહી કરવામાં આવતી નથી. જયારે ટ્રાફિક નિયમનના નામે દંડ-વસૂલી કરી સંતોષ માની લેવામાં આવે છે. આ સઘળી સ્થિતિ વચ્ચે વધતા ટ્રક અકસ્માતના બનાવ માટે ઓવરલોડ વર્ક કરતા ડ્રાઈવરો વિશેષ જવાબદાર હોવાનું મનાય છે. ટ્રકના વધુ ફેરા લગાવવાની લ્હાયમાં કોન્ટ્રાકટરો ટ્રક ડ્રાઈવરોને આરામ ન આપતા હોવાનું પણ ચર્ચા સ્થાને છે. આ મામલે પણ યોગ્ય તપાસ થાય તે અનિવાર્ય છે.

# સરકારી પ્રાથમિક શાળા સેકટર-૨૦/૨નો પ્રવેશોત્સવ યોજાયો

ગાંધીનગર, તા.૩

ગાંધીનગરના સેકટર-૨૦માં આવેલી સરકારી પ્રાથમિક શાળા સેકટર-૨૦/૨માં આંગણવાડી, ઈ.સી.સી.ઈ. કેન્દ્ર, ધોરણ-૧ અને ધોરણ-૮ના વિદ્યાર્થીઓનો પ્રવેશોત્સવ તાજેતરમાં યોજાયો હતો. પ્રવેશોત્સવ દરમિયાન ૪૦ બાળકોએ પ્રવેશ મેળવ્યો હતો.

સરકારી પ્રાથમિક શાળા ધોરણ-૧માં ૧૫ તેમજ ધોરણ-૮માં ૨૫ બાળકોએ પ્રવેશ મેળવ્યો હતો. શાળાની વિદ્યાર્થીનીઓએ આ પ્રસંગે સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યોહતો. ધોરણ ૩ થી ૮માં પ્રથમ ત્રણ નંબરે આવનાર બાળકોનું સન્માન કરવામાં આવ્યું હતું. ધોરણ-૮ની બાળાઓને સાયકલનું વિતરણ કરવામાં આવ્યું હતું. શાળામાં દાતાઓ દ્વારા બાળકોને દફતર, કંપાસ, સ્લેટપેન, વોટરબેગ તેમજ નાસ્તાનું ડબ્બાનું વિતરણ કરવામાં આવ્યું હતું. દાતાઓને આ પ્રસંગે શાલ ઓઢાડી સન્માનીત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે નવા વર્ગનું ઉદઘાટન તથા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

શાળા પ્રવેશોત્સવમાં જશોદાબેન, ભાજપના વોર્ડ નં. ૪ના સભ્યો, દાતાઓ, એસ.એમ.સી.નાં સભ્યો તેમજ મોટી સંખ્યામાં વાલીઓ ઉપસ્થિત રહ્યા હતાં. શાળાના આચાર્યા કાન્તાબહેન પટ્ટણી તથા શિક્ષકગણના સહકારથી કાર્યક્રમને સફળ બનાવવામાં આવ્યો હતો.

## નેતાજી સુભાષ બોઝ INA ટ્રસ્ટ આયોજિત 'વીરત્વ કી યાદ મેં' રાષ્ટ્રભક્તિની ચેતના જગાવતો કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૩

ઈન્ડિયન નેશનલ આર્મી ડે **(INA-DAY)** ૬ ઠ્ઠી જુલાઈ ૨૦૧૨ના રોજ અમદાવાદમાં નેતાજી સુભાષ બોઝ સ્થાપિત આઝાદ હિન્દ ફોજની સ્મૃતિમાં 'વીરત્વ કી યાદમે' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. નેતાજી સુભાષ બોઝ-**INA** ટ્રસ્ટના ઉપક્રમે અમદાવાદના ટાગોર હોલમાં શુક્રવાર ૬ ઠ્ઠી જુલાઈની સાંજે યોજાનારા આ રાષ્ટ્રભકત આઝાદીના વીરસપૂતોની યાદમાં કાર્યક્રમમાં ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અતિથિ વિશેષ તરીકે અને લોકસભાના પૂર્વ અધ્યક્ષશ્રી પી. એ. સંગમા મુખ્યમહેમાન પદે, વિધાનસભા અધ્યક્ષશ્રી ગણપતભાઈ વસાવા, આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી મંગુભાઈ પટેલ, યુવા-સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી ફકીરભાઈ વાઘેલા પણ રાષ્ટ્રના વીર શહિદોને શ્રધ્ધાંજલિ અર્પતા પ્રેરક ઉદ્‌બોધન કરશે.

# ડેમોક્રેટિક પીપલ્સ એસોસિએશન ગાંધીનગરની સાધારણ સભા યોજાઈ

ગાંધીનગર તા. ૩

ડેમોક્રેટિક પીપલ્સ એસોસિએશન ગુજરાત રાજ્ય ગાંધીનગરની વાર્ષિક સાધારણ સભા સંસ્થાના પ્રમુખ ભાનુકાન્ત પી. પરમારના અધ્યક્ષ સ્થાને સિદ્ધાર્થ લો કોલેજ ખાતે મળી હતી.

સભાની શરૂઆતમાં સદ્‌ગત સભ્યશ્રીઓની આત્માઓને મૌન પાળી શ્રદ્ધાંજલિ અર્પવામાં આવી હતી. સ્વાગત પ્રવચન જે.સી. પરમારે કર્યુંહતું. એસ.ડી. પરમારે ફુલહારથી સ્વાગત કર્યુંહતું. સ્વાગત પ્રવચન આત્મારામ પરમાર ઉપ-પ્રમુખે કર્યુંહતું.

મુળજીભાઈ પરમાર 'દધિ' દ્વારા અહેવાલ રજૂ કરવામાં આવ્યો હતો. ખજાનચી પાનાચંદ વણકર દ્વારા હિસાબો રજૂ થયા હતા. કારોબારીની મુદત પૂરી થતાં પુનઃ વરણી કરવામાં આવી હતી. સંસ્થાના ઓડિટર તરીકે જય પ્રકાશ શાહની નિમણૂક કરવામાં આવી હતી. મીટીંગમાં સંસ્થાને સ્પર્શતા પ્રશ્નોની રજૂઆતો ચર્ચા કરવામાં આવી હતી. વિરચંદભાઈ પરમાર આભાર દર્શન કરેલ હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સંસ્થાના મહામંત્રી મુળજીભાઈ પરમારે કરેલ હતું.

**વાહનોનો અંગત ઉપયોગ...** ● અનુસંધાન પહેલાનું ચાલુ

કિલોમીટર આઠ, ડિઝલનું હોય તો સાત અને સીએનજી હોય તો ચાર રૂપિયા નક્કી કરવામાં આવ્યા છે, જ્યારે સ્કૂટર-મોટરસાયકલ અને અન્ય વાહનમાં બે રૂપિયા ચૂકવાશે.

એવી જ રીતે કલાસ થ્રી અને ફોર માટે ટુવ્હિલરના પ્રતિ કિલોમીટર બે રૂપિયા નિયત કરવામાં આવ્યા છે. જિલ્લા કલેક્ટરો અને ડીડીઓ સહિતના અધિકારીઓ માટે સરકારે ભાડાના દરે આપેલા પેટ્રોલના વાહનમાં પ્રતિ કિલોમીટર સાત, ડિઝલમાં ચાર અને સીએનજીમાં ત્રણ રૂપિયાનો દર રાખ્યો છે.

ગાંધીનગર, નવસારી, નર્મદા, પોરબંદર, વલસાડ અને ડાંગના અધિકારીઓને માસિક મર્યાદા ૪૫૦૦ થી વધારીને ૫૬૦૦ કરી દેવામાં આવી છે જ્યારે આ સિવાયના અન્ય જિલ્લાઓમાં માસિક ૬૦૦૦ થી વધારીને ૭૫૦૦ કરવામાં આવ્યા છે.

સરકારી અધિકારીઓને ફરજ ઉપરની મુસાફરી દરમ્યાન આપવામાં આવતા માઇલેજ ભથ્થાંના દરોમાં પણ વધારો કરી દેવામાં આવ્યો છે. સરકારે ટેક્સી, ઓટોરીક્ષા, પોતાની જીપ કે કાર, સ્કૂટર અને મોટરસાયકલ સહિતના વાહનોમાં ભથ્થાં વધારી દીધાં છે. આ રકમ પ્રતિ કિલોમીટર પ્રમાણે બે રૂપિયા થી આઠ રૂપિયા સુધીની છે.

સરકારી વાહનનો અંગત તેમજ ખાનગી ઉપયોગ કરવામાં આવે તો મોટરકાર-જીપમાં ઓછામાં ઓછા પાંચ અને વધુમાં વધુ ૧૦ રૂપિયા ચૂકવવા પડશે. વધુ રૂપિયા પેટ્રોલના વાહનમાં છે. ખાનગી ઉપયોગ માટે ભાડે મેળવવામાં આવતા સરકારી વાહનોના રોકાણના દરોમાં પ્રતિ કલાક ચાર રૂપિયા અને એક દિવસ માટે ૪૦ રૂપિયા કરવામાં આવ્યા છે. અધિકારી કે કર્મચારીની બદલી વખતે રસ્તા માર્ગે પરિવહન કરવા માઇલેજના દર બે થી આઠ રૂપિયા નિયત કરવામાં આવ્યા છે. જાહેર હિતમાં બદલી વખતે કર્મચારીનો દાવો પેસેન્જર ટ્રેઇનના ભાડાની મર્યાદામાં મળવાપાત્ર થશે.